પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2021** **Morning : 7.45 to 7.55**

**Day: Wednesday** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા વિવીધ સુધારા ધ્વારા વિશ્વસ્તરીય દરીયાઇ માળખાકીય સુવિધા તૈયાર કરવા પર ભાર મુકયો.**
- **સ્પેકટ્રમની હરાજી સંપન્ન – ૭૭ હજાર ૮૧૪ કરોડ રૂપિયાથી વધુની બોલી બોલાઇ.**
- **ગુજરાતની 31 જિલ્લા પંચાયત, 231 તાલુકા પંચાયત અને 81 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજય.**
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ગૃહનિર્માણ લોનના વ્યાજ દરને ઘટાડીને 6.7 ટકા કર્યા.
- **દેશમાં ગયા મહિનામાં નોંધાયેલા નિકાસના આંકડા મુજબ વિદેશી વેપાર ક્ષેત્રે મજબૂત વૃદ્ધિ.**

---

(ન્યુઝ બ્રેક - આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે- આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**મેરીટાઇમ – પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રિ-દિવસીય મેરી-ટાઇમ ઇન્ડિયા શિખર સંમેલનમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારત સમુદ્ર ક્ષેત્રના વિકાસને લઇને અત્યંત ગંભીર

છે. સમુદ્ર, જીવ જંતુઓ અને વનસ્પતિઓના ઉત્પાદનો સહિતની નવી વિકાસશીલ બ્લ્યુ ઇકોનોમી અર્થ વ્યવસ્થાના રૂપમાં આગળ આવી રહી છે.

તેઓએ વિશ્વના દેશોને ભારતની વીકાસ યાત્રામાં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું અને દેશના બુનિયાદી ઢાંચાને મજબુત કરી, આત્મનિર્ભર ભારતની પરીકલ્પનાને સુદૃઢ કરી શકાશે. તેમ જણાવ્યું હતું કે, મેરીટાઇમ શિખર સંમેલનના વચ્યુઅલ પ્લેટફોર્મ પર વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતના પ્રમુખ બંદરોની ક્ષમતા ૨૦૧૪માં ૮૭ કરોડ ટન હતી, તે આજે એક અબજ ૫૫ લાખ ટન થઇ ગઇ છે. હવે માલ-સામાનની હેરફેર માટે હવે બંદરો ઉપર કામ ઝડપી થઇ રહયું છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, પારાદીપમાં વધાવન અને કંડલાના દીનદયાલ બંદર પર વિશ્વસ્તરીય સુવિધાયુકત મુખ્ય બંદરોની જેમ વિકાસ કરવામાં આવી રહયો છે.

**સ્પેકટ્રમ – ટેલીકોમ**

દુર સંચાર સેવાના ૭૭ હજાર ૮૧૪ કરોડ ૮૦ લાખના સ્પેકટ્રમની નિલામીની સમયસીમા ગઇકાલે પુર્ણ થઇ છે. દુરસંચાર સચિવ આશું પ્રકાશના જણાવ્યા અનુસાર સ્પેકટ્રમના બીજા અને અંતિમ દિવસે ગઇકાલે ૬૬૮ કરોડ, વીસ લાખથી વધુ બોલી નિલામીમાં બોલાઇ હતી.

ઇલેકટ્રોનીક નિલામી એસ.એમ.આર.એ. પધ્ધતિથી કરવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ૮૦૦ મેગાહટર્સ, ૯૦૦ મેગા હટર્સ, એક હજાર ૮૦૦

મેગા હટર્સ, બે હજાર ૧૦૦ મેગાહટર્સ અને બે હજાર ૩૦૦ મેગાહટર્સની બોલી લગાવાઇ હતી.

આ સ્પેકટ્રમની નિલામીમાં જે ટેલીકોમ કંપનીઓ ભાગ લીધો હતો તેમાં ભારતી એરટેલ, વોઠાફોન આઇડીયા અને રિલાયન્સ જીઓનો સમાવેશ થાય છે. આ નિલામી બાદ દેશમાં દુર સંચાર સેવાઓમાં સુધાર થશે, તેનો સીધો લાભ ગ્રાહકો થશે.

**ચુંટણી પરીણામ – ગુજરાત**

ગુજરાત સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ ની ચૂંટણી ની મત ગણતરીની સત્તાવાર રીતે બહાર પડેલી રાજ્ય કક્ષા ની છેલ્લી માહિતી આ પ્રમાણે છે.

ભાજપ ને જિલ્લા પંચાયત માં 771, તાલુકા પંચાયત માં 3236 અને નગરપાલિકા માં 2027 બેઠક મળી છે.

જ્યારે કોંગ્રેસ્સ ને જિલ્લા પંચાયત માં 162, તાલુકા પંચાયત માં 1201 અને નગરપાલિકા માં 375 બેઠક મળી છે.

અપક્ષ ને જિલ્લા પંચાયત માં ત્રણ, તાલુકા પંચાયત માં 112 અને નગરપાલિકા માં 168 બેઠક મળી છે.

આમ આદમી પાર્ટી ને જિલ્લા પંચાયત માં બે, તાલુકા પંચાયત માં 31 અને નગરપાલિકા માં ૭ બેઠક મળી છે. જ્યારે બહુજન સમાજ પાર્ટી ને જિલ્લા પંચાયત માં એક , તાલુકા પંચાયત માં ચાર અને નગરપાલિકા માં 6 બેઠક મળી છે.

જ્યારે અન્ય વિજેતાઓને ફાળે ગયેલી બેઠક ની સંખ્યા જોઈએ તો જિલ્લા પંચાયત માં ચાર, તાલુકા પંચાયતમાં 16 અને નગરપાલિકામાં 24 બેઠક તેમના ફાળે ગઈ છે.

**એસબીઆઇ – હાઉસીંગ લોન**

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ગૃહ નિર્માણ લોનના વ્યાજ દરને ઘટાડીને 6.7 ટકા કર્યા છે. બેંકે કરેલી જાહેરાત અનુસાર 75 લાખ સુધીની લોન માટે 6.7 અને 75 લાખથી વધુની લોન ઉપર 6.75 ટકા વ્યાજ લાગુ પડશે. વ્યાજ પરની આ છૂટછાટ લોનની રકમ અને ધિરાણ લેનારના સીબીલ સ્કોર પર આધારિત રહેશે.

આ ઓફર સમગ્ર માર્ચ માસ દરમિયાન એટલે કે 31 માર્ચ સુધી ઉપલબ્ધ રહેશે અને આ સમય ગાળામાં પ્રોસેસિંગ ફી ઉપર માફી પણ આપવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાહકો યોનો એપ્લિકેશન દ્વારા ઓનલાઇન અરજી કરી શકે છે. તેમને 5 બેઝીસ પોઈન્ટની વધારાની વ્યાજની છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વસંધ્યાએ લોન લેનાર મહિલાઓને વધારાના 5 બેઝીસ પોઈન્ટની છૂટ આપવામાં આવી રહી છે.

**નિકાસ વેપાર ખાદ્ય**

દેશમાં ગયા મહિનામાં નોંધાયેલી નિકાસના આંકડા વિદેશી વેપાર ક્ષેત્રે મજબૂત વૃદ્ધિ સૂચવે છે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં 27 અબજ 74 કરોડ ડૉલરની તુલનામાં ગયા મહિને 27 અબજ 67 કરોડ ડૉલરની નિકાસ થઇ છે. ગયા મહીને ચોખા, ખાદ્યતેલ, લોખંડની કાચી ધાતુ અને અન્ય અનાજની નિકાસના આંકડામાં

ગયા વર્ષની તુલનામાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે માહિતી આપી છે કે ચાંદી, ન્યૂઝપ્રિન્ટ, ખાતર, કોલસા અને ચામડાની બનાવટની આયાતમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

**કોરોના અપીલ**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોસમાચાર વધુ . ....કોરોના અંગેના આ સંદેશ બાદ

**(કોવિડ ટ્યુન)**

**પિયુષ ગોયલ – રમકડા**

વાણિજ્ય અને વેપાર મંત્રી પિયૂષ ગોયેલે ટોય ફેર 2021ના સમાપન સમારોહમાં જણાવ્યું કે, ભારતે રમકડા ક્ષેત્રને શ્રેષ્ઠત્તમ રીતે વિકાસ કરી ભારતને રમકડા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની સાથોસાથ ભારતના રમકડા વૈશ્વિક બજારમાં નામના મેળવે, તેવી માળખાગત સુવિધા વધારીને ભારતીય રમકડાના વેપારમાં વૈશ્વિક ભાગીદાર બનાવવાની આશા વ્યક્ત કરી.

**બેડમિન્ટન**

સ્વિસ ઓપન ૨૦૨૧ બેડમિન્ટન ચેમ્પીયનશીપના પ્રથમ દિવસે અશ્વીની પોનપ્પા અને સાત્વિક રેકીરેડ્ડીએ મિકસ ડબલ્સમાં ઇન્ડોનેશિયાની જોડીને ૨૧-૧૮, ૨૧-૧૦ થી હરાવ્યા છે.

અન્ય મિકસ ડબલ્સમાં ભારતના પ્રણવ જેરી ચોપડા અને એન.સિકકી રેડ્ડીની જોડીનો બ્રિટનની જોડી સામે ૨૧-૧૮, ૨૧-૧૫ થી પરાજય થયો છે.

પુરુષ સિંગલ્સ મુકાબલામાં આજે અનેક ભારતીય ખેલાડીઓ તેમની પ્રથમ તબકકાની મેચ રમશે. કિંદાબી શ્રીકાંતનો મુકાબલો ભારતીય ખેલાડી સમીર વર્મા સાથે થશે તો પ્રણય એચ.એસ નો મુકાબલો નેધરલેન્ડના માર્ક કેલજોવ સામે થશે.

આ ઉપરાંત સૌરભ વર્મા ક્રિશ્ચિયન કિચ્ચમીર સાથે, અજય જયરામ સિથથીકોમ થમ્મસીન સાથે, સાઇ પ્રણીત મિશા જીલ્બર મૈન સાથે તો લક્ષ્યસેન તાનોંગસાક સેસોમ બોન્સુક સાથે મુકાબલો કરશે.

**હોકી**

હોકીમાં ભારતીય તથા જર્મની પુરુષ ટીમ વચ્ચેની મેચ ડ્રો થઇ છે. ભારતના જસ્મીનપ્રીત સિંહે જર્મની વિરુધ્ધ એક ગોલ કર્યો હતો. જર્મનીએ પેનલ્ટી કોર્નરથી ગોલ કરી ૧-૧ ગોલની બરોબરી કરી હતી.

રવિવારે ભારતીય પુરુષ ટીમે ચાર મેચની શ્રેણીની પ્રથમ મેચમાં જર્મનીની ૬ – ૧ થી હરાવ્યું હતુ. હવે ભારતનો મુકાબલો બ્રિટન સાથે થશે. આ અગાઉ ભારતીય મહિલા ટીમ, જર્મની સામે ૨-૦ થી હારી ગઇ હતી. મહિલા સ્પર્ધામાં જર્મનીની ટીમ ૩-૦ થી આગળ છે.

**આઇએસએસએફ**

ભારતીય નિશાનેબાજ મનિષા કીરે – આઇએસએસએફ વિશ્વકપ – શોટગન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૭મું સ્થાન મેળવ્યું છે. જો કે, ૨૧ વર્ષીય મનીષા મહીલાઓની ટ્રેપ સ્પર્ધાની ફાયનલમાં પહોચી શકી નથી. તેણે કવોલીફાઇવ સ્પર્ધામાં ૧૧૩નો સ્કોર કર્યો હતો.

પુરુષોમાં પૃથ્વીરાજ ટોંડિમન ૧૧૨ સ્કોર સાથે ૨૬માં સ્થાને રહયો. લક્ષ્ય શ્યોરાણ ૧૧૦ સ્કોર સાથે ૩૪માં સ્થાને તો ૧૦૯ સ્કોર સાથે કિયાન ચેનાઇ ૩૬માં સ્થાને રહયાં.

**વૈશ્વિક બાયો ઇન્ડિયા**

ભારતમાં સ્વિટ્ઝર્લ'લેન્ડના રાજદૂત ડોકટર રાલ્ફ હેકનરે કહ્યું છે કે, વિશ્વના સૌથી નવીનીકરણ અને સંશોધન કરતા દેશોમાં ભારત એક મહત્વપૂર્ણ દેશ છે અને 2021 ના અંદાજપત્રમાં સંશોધન અને વિકાસ માટે કરેલી જોગવાઈ એનો મોટો પુરાવો છે. ગ્લોબલ બાયો-ઇન્ડિયા 2021 ના સંમેલનમાં બોલતાં તેમણે આ મુજબ કહ્યું હતું. ગ્લોબલ બાયો-ઈન્ડિયા 2021, બાયોટેકનોલોજીના વિવિધ પાસાઓ પર કેન્દ્રિત ત્રણ દિવસીય પરિષદ છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડોક્ટર હર્ષ વર્ધન દ્વારા કરાયું અને નાણાંમંત્રી નિર્મળા સીતારમણ વિશેષ અતિથિ હતા. બાયોટેકનોલોજી વિભાગના સચિવ, ડોક્ટર રેણુ સ્વરૂપે જણાવ્યું કે, ગ્લોબલ બાયો ઇન્ડિયા 2021 એ સમુદાયને વૈશ્વિક સ્તરે પહોચાડવાની તક છે.

**એમ.પી. બજેટ**

મધ્યપ્રદેશના નાણામંત્રી જગદીશ દેવડાએ ગઇકાલે 2 લાખ 41 હજાર 375 કરોડનું પેપરલેસ અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કર્યું છે. તેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, રોજગાર, ખેડુતો અને મહિલાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમણે જાહેરાત કરી કે કોઈ નવો ટેક્સ લાગશે નહીં કે હાલના કોઈપણ વેરા દરમાં વધારો કરવામાં આવશે નહીં.

મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના ચોથા કાર્યકાળનું આ પ્રથમ બજેટ છે. બજેટમાં મધ્યપ્રદેશને આત્મનિર્ભર બનાવવા પર વિશેષ ભાર મુક્યો છે. બજેટમાં માછીમારોની આવક બમણી કરવાની દરખાસ્ત છે. નવોદય શાળાઓને સીબીએસઈ સાથે અપગ્રેડ કરવા, જબલપુરમાં નવું પ્રાદેશિક વિજ્ઞાન પેટા કેન્દ્ર સ્થાપવા જાહેરાત કરી છે. રાજ્યમાં નવી નવ મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવશે. જબલપુર, ઈન્દોર અને ભોપાલમાં ત્રણ કેન્સર હોસ્પિટલો શરૂ કરવામાં આવશે. ભોપાલમાં પોલિસ હોસ્પિટલ શરૂ કરવામાં આવશે અને દરેક જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશન ખોલવામાં આવશે એવી જાહેરાતો કરવામાં આવી છે.